કેટલાક લોકો એમ માને છે કે ભૂતકાળને ભૂલી જઈ ભવિષ્યનું વિચારો તો જ સુખી થવાય! એ પોતે એવું માને ત્યાં સુધી તો દરગુજર કરી શકાય, પણ લોકોનેય એવી વણમાગી સલાહ આપે છે! ભૂતકાળને ભૂલીને ભવિષ્યમાં સુખી થવાની વાત રાજેશના ગળે ઊતરતી નથી. એ મક્કમપણે એમ માને છે કે ભૂતકાળની આંગળી ઝાલ્યા વગર ભવિષ્ય તરફ ચાલવા માંડીએ તો અજાણ્યા રસ્તે અધવચ્ચે ભૂલા પડી જવાનો ભય રહે છે! રાજેશ એમ માને છે કે ભૂતકાળના અનુભવો ભવિષ્યમાં ખપ લાગતા હોય છે. એવા અનુભવો શી રીતે ભૂલી જવાય? અને શા માટે ભૂલવા જોઈએ? ભૂતકાળમાં લાગેલી ઠોકર યાદ ના રાખીએ તો ભવિષ્યમાં બીજી ઠોકર ખાવાનો વારો આવે! આ પ્રકારની સમજદારીના કારણે રાજેશ ભૂતકાળનો આદર કરે છે, એવું નથી. એનો તો ભૂતકાળ જ એવો ભરચક છે કે એનાં રોમરોમ વ્યાપી ગયો છે. આજે પણ એ કોઈ કોઈ વાર એના ગામમાં જાય છે ને નિશાળનો ઘંટ વાગતો એને સંભળાય છે ત્યારે શાળાના કંપાઉન્ડમાં દોડાદોડી કરતા એના વિદ્યાર્થીમિત્રોનાં ટોળાં એને દેખાય છે ને એ સાથે સ્વાતિ પણ એને યાદ આવી જતી હોય છે. એમાંના નેવું ટકા વિદ્યાર્થીઓને એ ભૂલી ગયો હશે, પણ સ્વાતિને ભૂલ્યો નથી? સ્વાતિ ભુલાતી જ નથી!

સ્વાતિ ભુલાતી ન હોય તો ભૂતકાળને કઈ રીતે ભૂલી શકે? કારણ કે રાજેશના ભૂતકાળના પાયામાં જ સ્વાતિ નામની ઈંટ ધરબાઈ ગઈ છે. એનો સમગ્ર ભૂતકાળ સ્વાતિ પર જ રચાયો છે. સ્વાતિ ભુલાતી નથી ને ભૂતકાળને ભૂલવા દેતી નથી!

રાજેશનું જીવન આજથી સાત વર્ષ પૂર્વે કોઈ કલ્પના પણ ન કરી શકે એટલું સાદું હતું! ગામડામાં જન્મ્યો હતો. ગામડામાં જ ઊછરીને મોટો થયો હતો ને જેનો ચાર ધોરણ સુધી જ અભ્યાસક્રમ હોય એવી ગામની જ શાળામાં ચાર ધોરણ સુધી જ ભણ્યો હતો. ગામડાની રીતભાત, ગામડાની રહેણીકરણી, ગામડાના વાતાવરણ અને ગામડાની સંસ્કૃતિથી સંપૂર્ણ રીતે કેળવાયેલા રાજેશની કિશોરાવસ્થાએ ભારોભાર વિવેક અને આમન્યા કેળવ્યાં

હતાં. ગામના વડીલો પણ એની ઠાવકાઈ અને સલૂકાઈની પ્રશંસા કરતા હતા!

ભરયુવાનીમાં જ વિધવા થયાં તે દિવસે શારદાબહેને પોતાના ખોળે રમતા ત્રણ વર્ષના રાજેશને જોઈને જ જીવી નાખવાનો નિર્ણય કરી લીધો હતો. અને જ્યારે રાજેશ બાલ્યાવસ્થા વટાવીને કિશોરાવસ્થાએ પહોંચ્યો ત્યારે ગામના વડીલોમાં થતી એની પ્રશંસા સાંભળીને શારદાબહેનનું હૈયું ગર્વથી ડોલી ઊઠતું હતું.

યુવાવસ્થામાં જ વિધવા થઈ ગયેલાં શારદાબહેન નિરાધાર થઈ ગયાં હતાં! બાર-પંદર વીઘાં ખેતીની જમીન હતી, પણ ખેતી કરનાર કોઈ નહોતું. રાજેશ હજી ખેતી કરવા લાયક નહોતો થયો અને ટૂંકી આવકમાં ચાકર રાખીને ખેતી કરવાનું પરવડે તેમ ન હોવાથી શારદાબહેને પોતાનાં ખેતરો અન્ય ખેડૂતને અર્ધે ભાગે ખેડવા આપી દીધાં હતાં. ખેતીના ઉત્પાદનમાંથી ભાગિયો જે અર્ધો ભાગ એમના ઘરે નાખી જતો હતો તેનાથી ગુજરાન ચલાવવું મુશ્કેલ હોઈ લોકોનાં દળણાં દળીને અથવા ટેભાટાંકા કરીને પોતાનો નિર્વાહ ચલાવતાં હતાં. દુઃખ તો આજે છે ને કાલે નહીં રહે. રાજેશને મોટો થતાં શી વાર લાગવાની હતી એવી હૈયે ધરપત કેળવીને જીવતાં શારદાબહેને રાજેશને સાતમા વર્ષે શાળામાં દાખલ કરી દીધો. પહેલા જ દિવસથી રાજેશનું ચિત્ત ભણવામાં ચોંટી ગયું. રામશંકર માસ્તર પણ શારદાબહેન આગળ રાજેશનાં વખાણ કરતાં કહેતા હતાઃ "તમારો રાજેશ ભણવામાં બહુ હોશિયાર છે. એને તમે ભણાવજો. હમણાં એને ઉઠાવી ન લેતાં." ગામની શાળામાં માત્ર ચાર ધોરણ સુધીનો જ અભ્યાસક્રમ હતો. અનેક પ્રકારના અભાવો વચ્ચે જીવતા ગામના કેટલાક લોકો પોતાના સંતાનને ચાર ધોરણ સુધી પણ ભણાવી શકતા નહોતા ને અધવચ્ચેથી ઉઠાડી મૂકતા હતા. એટલે જ રામશંકર માસ્તરે રાજેશને અધવચ્ચે ઉઠાડી ન લેવાની શારદાબહેનને ભલામણ કરી હતી અને શારદાબહેને પણ થોડી વધારે મહેનત-મજૂરી કરીને રાજેશને ચાર ધોરણ સુધી ભણાવવાનો નિરધાર કરી લીધો હતો. આગલા વર્ષે પાસ થયેલા વિદ્યાર્થીઓ પાસેથી ગયા વર્ષનાં પાઠ્યપુસ્તકો અર્ધી કિંમતે રાજેશ માટે ખરીદી લેતાં હતાં. શાળામાં એણે અભ્યાસ કર્યો હતો. શહેરમાં ગયા પછી રાજેશના જીવનનું સંપૂર્ણ શહેરીકરણ થઈ ગયું હતું. હવે એ સાવ બદલાઈ ગયો હતો. જો કે મહિને-બે મહિને ગામની મુલાકાત લેવાનું ચૂકતો નહોતો. ખેતરમાં પણ આંટો મારી આવતો હતો. અત્યારે એ ખેતરમાં જ હતો ને નિશાળનો ઘંટ વાગતો સંભળાયો એ સાથે જ એને પોતાનું વિદ્યાર્થીજીવન યાદ આવી ગયું, એ સાથે એ આંબાના ઝાડ સાથે પીઠ ટેકવીને ખેતરના શેઢે બેસી ગયો. પછી તો એની નજર સામે ભૂતકાળનાં પ્રકરણ પર પ્રકરણ ખૂલવા માંડ્યાં!

મોટા ભાગે તો વિદ્યાર્થીઓ ઘંટ વાગે એ પહેલાં શાળાના કંપાઉન્ડમાં ભેગા થઈ જતા. કેટલાક વાતો કરતા. કેટલાક દોડાદોડી કરતા ને કોઈ કોઈ વાર કોઈ બે છોકરા લડી પણ પડતા. આજે રાજેશને એક છોકરા સાથે ઝઘડો થઈ ગયો. રાજેશે એની બોચી ઝાલી લીધી. બેત્રણ છોકરાઓએ વચ્ચે પડીને બંનેને છોડાવ્યા. રાજેશે જેની ગરદન ઝાલી હતી એ બોલ્યો, "મારી હામે જોર દેખાડે છે. પેલી સ્વાતિ આગળ તો બકરી બની જાય છે!"

બીજો છોકરો બોલ્યો, "એની શું વાત કરે છે. સ્વાતિ આગળ તો આપણે બધા બકરી બની જઈએ છીએ."

ત્રીજો તરત બોલી પડ્યો, "તે બની જ જાય ને બકરી. આપણા સાહેબ પણ એનું નામ લે છે? એમ બહેનબા બહેનબા કહીને બોલાવે છે!"

ગામના છોકરાઓ મેલાંઘેલાં કપડાં પહેરીને આવતા. કેટલાકે તો માથુંય ના ઓળ્યું હોય! કેટલાકના ખમીસનાં બટન તૂટી ગયાં હોય ને કેટલાકનાં ખિસ્સાં ફાટી ગયાં હોય. એવા બધામાં ફ્રૉક પહેરીને આવતી સ્વાતિ ઢીંગલી જેવી લાગતી હતી! શિક્ષક આવી જતાં એમણે જ ક્લાસરૂમનાં બારણાં ખોલ્યાં અને એમણે જ ઘંટ વગાડ્યો!

કંપાઉન્ડમાં વીખરાઈ ગયેલા વિદ્યાર્થીઓએ ક્લાસરૂમ તરફ દોટ મૂકી. જેને જ્યાં જગ્યા મળી ત્યાં બેસી ગયા. સ્વાતિ નિરાંતે આવી અને રાજેશ જોડે બેઠેલા છોકરાને ઊઠી જવા કહ્યું, "ચાલ ઊભો થા! મારી જગ્યાએ ક્યાં બેસી ગયો?"

"આ તારી જગ્યા છે એવું કોણે કહ્યું?"

"મને રાજુએ જ કહ્યું છે કે તારે મારી જોડે બેસવાનું! ચાલ ઊભો થા!"

રાજુએ અણગમા સાથે સ્વાતિ તરફ જોયું.

સ્વાતિએ ઉઠાડી મૂકેલા છોકરાએ બીજી જગ્યાએ બેસતાં બાજુવાળા છોકરાને કહ્યું, "હવે આજે પણ સ્વાતિ રાજુને માર ખવડાવશે."

બાજુવાળો બોલ્યો, "એ તો રાજુ સહન કરે. હું સહન ના કરું!"

"તું શું કરી લેવાનો હતો? ગામમાં સૌથી મોટા જમીનદારની દીકરી છે!"

"ચાલો હવે બધા શાંત થઈ જાવ." શિક્ષકે ઊભા થઈને કહ્યું, "ચાલો, બધા વારાફરતી ઘડિયા બોલી જાવ. ચાલ રમણ ઊભો થા. તું અગિયારનો ઘડિયો સંભળાવ, વારાફરતી બધા ઊભા થયા. રાજેશ ઘડિયા બોલવા ઊભો થયો ત્યારે સ્વાતિએ રાજેશની નોટબુકમાંથી બે પાનાં ફાડી લીધાં.

ઘડિયા પૂરા થયા એટલે શિક્ષકે બીજું ફરમાન કર્યું, "ગઈ કાલે આપેલું લેસન દેખાડો."

બધા છોકરા પોતપોતાની નોટબુક શિક્ષકના મેજ પર મૂકી આવ્યા.

શિક્ષકે બધાની નોટબુક તપાસી માર્ક્સ આપ્યા. રાજેશની નોટબુકનાં પાનાં બે વાર શિક્ષકે ફેરવ્યાં. પછી બોલ્યા, "રાજેશ! તેં ગઈ કાલનું લેસન નથી લખ્યું?"

"લખ્યું છે ને સાહેબ!"

"ક્યાં લખ્યું છે? આ નોટબુકમાં તો ક્યાંય દેખાતું નથી!"

"લખ્યું છે સાહેબ! તમે જરા ધ્યાનથી જુઓ!"

"હું હંમેશાં ધ્યાનથી જ જોઉં છું, આ તારી નોટબુક બબ્બે વાર જોઈ ગયો છું! ક્યાંય લેસન નથી! ચાલ અંગૂઠા પકડ!"

રાજેશને કંઈ સમજાયું નહીં! લેસન તો મેં લખ્યું છે. એ મૂંઝાયો!

"રાજેશ! મેં કહ્યું તે સાંભળ્યું નહીં તેં? બેસી શું રહ્યો છે. ચાલ અંગૂઠા પકડ!"

રાજેશને નાછૂટકે અંગૂઠા પકડવા પડ્યા. આ કંઈ પહેલી વાર નથી થયું અવારનવાર રાજેશને કાં તો શિક્ષકના હાથનો માર ખાવો પડતો ને ક્યારેક અંગૂઠા પકડવા પડતા હતા ને રાજેશને એ નહોતું સમજાતું કે મને કયા વાંકે સજા મળે છે!

ઉપરથી શિક્ષકે ઠપકો આપતાં કહ્યું, "રોજેરોજ આમ અંગૂઠા પકડવાનું તને સારું લાગે છે? રોજ કંઈ ને કંઈ થાય છે!"

રાજેશ પાસેથી ઊઠીને ગયેલા છોકરાએ ધીમેથી બાજુવાળાને કહ્યું, "મેં કહ્યું'તું ને, સ્વાતિ અંગૂઠા પકડાવશે. તે પકડાવ્યા ને?"

"હા, જો ને, રોજ બિચારાને અંગૂઠા પકડાવે છે. ક્યારેક માર પણ પડે છે!"

રાજેશને અવારનવાર આવી ઘટનામાંથી પસાર થવું પડતું હતું ને એનો કોઈ ઉપાય એને સૂઝતો નહોતો. એટલે રાજેશને તો આંતરિક મૂંઝવણનો પણ માર વેઠવો પડતો હતો.

અર્ધા કલાકની રિસેસમાં ફરી બધા વિદ્યાર્થીઓ ક્લાસરૂમમાંથી બહાર નીકળીને કંપાઉન્ડમાં પથરાઈ ગયા હતા ત્યારે એક છોકરાએ રાજેશને પૂછ્યું, "રાજેશ, તેં લેસન નહોતું લખ્યું?"

"લખ્યું'તું ને!"

"લખ્યું હોય તો નોટબુકમાંથી ક્યાં ઊડી ગયું?"

"મને એ જ સમજાતું નથી." રાજેશે પોતાની મૂંઝવણ વ્યક્ત કરી.

બાજુમાં ઊભેલા બીજા એક છોકરાએ કહ્યું, "રાજેશ કવિતા બોલવા ઊભો થયો ત્યારે સ્વાતિએ એની નોટબુકમાંથી બે પાનાં ફાડી લીધાં હતાં. મેં મારી નજરે જોયું હતું. સાચું ના લાગતું હોય તો સ્વાતિનું દફ્તર તપાસો. રાજેશની નોટબુકના કાગળો નીકળે છે કે નહીં?"

રાજેશે એને ઠપકાભરી નજરે જોતાં કહ્યું, "મને અંગૂઠા પકડાવ્યા ત્યારે તારે આ વાત સાહેબને કહેવી જોઈએ ને?"

"હા, કહેવું જોઈએ, પણ હું સ્વાતિનું નામ લઉં તો મારો તો મરો જ થઈ જાય!"

અન્ય વિદ્યાર્થીઓને રાજેશ પ્રત્યે લાગણી હતી, પણ સ્વાતિની વિરુદ્ધ જવાની કોઈની હિંમત ચાલતી નહોતી!

તે દિવસે વરસાદ આખી રાત એકધારો વરસ્યો હતો. અને સવારે વરસાદે ધોઈ નાખ્યું હોય એવું સ્વચ્છ અને સ્પષ્ટ વાતાવરણ સર્જાયું હતું. આકાશ તદ્દન ઊઘડી ગયું હતું. સવારનો ચોખ્ખોચણાક તડકો જોઈને કલ્પના પણ ના કરી શકે તે રીતે વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ ગાજતો, ગરજતો અને વરસતો રહ્યો હતો.

રાજેશ રોજ કરતાં થોડો વહેલો નિશાળે આવી ગયો હતો. હજી કોઈ આવ્યું નહોતું. રાજેશને રમત સૂઝી. એણે પોતાનું દફ્તર બારી સાથે ભેરવી દીધું અને રાતના વરસાદથી ભીની થયેલી જમીનમાંથી માટી ખોતરીને ઘર બનાવવાનું શરૂ કર્યું હતું. ધીરે ધીરે વિદ્યાર્થીઓ આવવા લાગ્યા હતા, પણ રાજેશનું ધ્યાન એ કોઈ તરફ દોરાયું નહીં. ઘર બનાવવાની ધૂનમાં એ એટલો બધો તલ્લીન થઈ ગયો હતો કે એની પાછળ આવીને સ્વાતિ ઊભી હોવાનો અણસાર પણ એને વર્તાયો નહીં! સ્વાતિ પણ ચૂપચાપ રાજેશની રમત જોઈ રહી હતી.

ઘર તૈયાર થઈ ગયા પછી એ કેવું લાગે છે એ જોવા માટે રાજેશ માટીવાળા હાથ ખંખેરતો ઊભો થયો. હજી તો એ ઊભો જ થયો હતો ને સ્વાતિએ લાત મારીને રાજેશનું ઘર તોડી નાખ્યું અને રાજેશે પણ જોયા-વિચાર્યા વગર સ્વાતિના ગાલ પર ઝન્નાટેદાર તમાચો મારી દીધો! સ્વાતિના કાનમાં તમરાં ગુંજી ઊઠ્યાં. એના મોઢામાંથી હળવી ચીસ પણ સરી પડી! એ જ વખતે કંપાઉન્ડના ગેટમાં શિક્ષકની એન્ટ્રી થઈ. પંદર ફૂટના અંતરે શિક્ષકે આ દૃશ્ય પોતાની નજરે જોયું! પણ ત્યારે કશું બોલ્યા નહીં અને વર્ગખંડમાં ચાલ્યા ગયા. ઘંટ વાગતાં બધા વિદ્યાર્થીઓ પોતપોતાના વર્ગખંડમાં આવીને બેસી ગયા.